મેરી ક્યુરી

ઇબી લેપ્સકી

ચિત્ર : પાઓલો કાર્દોની

મેરી બહુ શર્મીલી, સંવેદનશીલ અને ભાવુક હતી. એ દરેક વસ્તુ બહુ ગંભીરતા થી લેતી હતી અને બીજા પ્રત્યે ન્યાય ની પ્રબળ ઈચ્છા રાખતી હતી.

જો એને કંઈ અનુચિત લાગતું, તો એ અચાનક રોઈ પડતી હતી.

એ પાંચ બાળકો માં સૌથી નાની હતી.

માઁ એ એના દરેક બાળક ને એક નાનું, પ્યારું હુલામણું નામ આપ્યું હતું.

મેરી, જે સૌથી નાની હતી, એના બીજા બાળકો ની સરખામણી માં વધારે હુલામણા નામ હતા : માન્યા, માનુસિયા, માનુસિના, એનસુપેયો.

અંતિમ હુલામણું નામ રમુજી હતું, જે મેરી પારણાં માં હતી ત્યારે એની માઁ એ આપ્યું હતું.

મનોરંજન માટે એને ચોપડીઓ વાંચવી પસંદ હતી.

જયારે એ બોલી કે ચાલી પણ નહોતી સકતી ત્યારે પણ મેરી જાજમ પર બેસી ને એક-એક કરીને ચોપડી ના પાના ફેરવતી હતી.

"આ બહુ અજીબ વાત છે," માઁ એ એક દિવસ એના પતિ ને કહ્યું, "મેં મારી માનુસિયા ને બહુ ધ્યાન થી ચોપડી ના પાના ફેરવતા જોઈ છે. એટલે સુધી કે એ ચિત્રો વગર ની ચોપડીઓ ના પાના પણ ધ્યાન થી ફેરવે છે!"

પણ પછી માઁ એ વિચાર્યું, "કદાચ એને પાના ફેરવતા થતો સરસરાટ અવાજ પસંદ હશે!"





મેરી અને એનો પરિવાર પોલેન્ડ ની રાજધાની વૉરસો માં રહેતા હતા.

રોજ સવારે, જયારે એના ભાઈ-બહેન સ્કૂલ જતા રહેતા ત્યારે મેરી એક ખોવાયેલા બાળક ની જેમ આખા ઘર માં ફરતી હતી, અને પછી ચોર પગલે બેઠક ખંડ (લિવિંગ રૂમ) માં જતી રહેતી હતી.

એને લિવિંગ રૂમ એક આકર્ષક, શાનદાર જગ્યા લગતી હતી.

એને લિવિંગ રૂમ માં બધું જ પસંદ હતું : ચોપડીઓ થી ભરેલું લાંબુ પુસ્તક-કબાટ, અને મેહોગની ના લાકડા નું બનેલું લખવાનું મેજ જેમાં ઘણા ખાના હતા.

લાલ મખમલી સોફા, વાદળી-રાખોડી રંગ ની ઘડિયાળ, ફ્રાન્સ થી લાવેલા કિંમતી કપ અને પ્લેટ જેને કોઈ ને પણ અડવાની મનાઈ હતી, એક વિવિધરંગી ચોકડી ની ભાત વાળું આરસ નું ટેબલ, અને એક બેરોમીટર જેને એના પિતા ખાસ દિવસો એ ધ્યાન થી સાફ કરીને સેટ કરતા હતા.



પણ એને એ બધા કરતા કાંચ નું કબાટ પસંદ હતું કેમકે એમાં ઘણી નાની, રહસ્યમય વસ્તુઓ રાખી હતી. એમાં નાની કાંચ ની નળીઓ, નાનું ત્રાજવું, અજબ અને જટિલ ઉપકરણ હતા જેને સમજવા મુશ્કેલ હતા. ત્યાં ઘણા અજીબ અને રંગીન પથ્થરો નો સંગ્રહ પણ હતો.

થોડા પથ્થરો પર વાદળી રંગ ની પટ્ટીઓ હતી. અન્ય માં નાની ગાંઠો હતી, અને એ નિશ્ચિત રૂપ થી ચાંદી ના બનેલા હતા. થોડા પથ્થર પારદર્શક હતા જે બરફ ના ટુકડા જેવા લગતા હતા. થોડા પીળા હતા. પણ મેરી ની પસંદ નો પથ્થર સુંદર ગુલાબી રંગ નો હતો.

મેરી એ લોભામણી ચીજો ને નિહારતા થાકતી નહોતી. રોજ એ પેલા નમૂનાઓ માં કંઈક નવું શોધતી હતી જે એણે પહેલા ક્યારેય જોયું ન હોય. એને અડવામાં એને બહુ માજા આવતી હતી!

એક દિવસ પિતા એ મેરી ને એ જાદુઈ કબાટ સામે ઉભેલી જોઈ.

"હું જોઈ રહ્યો છું કે તું મારા ભૌતિકશાસ્ત્ર ના ઉપકરણ જોઈ રહી છે, માનુસુયા," એણે સ્મિત કરતા કહ્યું.

ભૌતિકશાસ્ત્ર ના ઉપકરણ! અચ્છા! તો એ રસપ્રદ વસ્તુઓ ના સંગ્રહ નું આ નામ હતું!

પિતા એ પછી કબાટ ખોલ્યું અને મેરી ને બધું અડવાની અનુમતિ આપી!

એણે મેરી ને સમજાવ્યું કે એ પથ્થર, ખનીજો ના નમૂના હતા અને એ અદ્ભૂત ગુલાબી રંગ નો પથ્થર સ્ફટિક (ક્વાર્ટઝ) હતો, અને એ રહસ્યમય વસ્તુઓ ઇલેક્ટ્રોસ્કોપ્સ હતી, અને એ નાની કાંચ ની નળીઓ ટેસ્ટ ટ્યુબ હતી.

મેરી ના પિતા ભૌતિકશાસ્ત્ર ના પ્રોફેસર હતા. એણે મેરી ને એ પણ જણાવ્યું કે દરેક વૈજ્ઞાનક સિદ્ધાંત ને પ્રયોગો દ્વારા પરખવામાં આવે છે.

બીજે દિવસે માઁ ને મેરી ની જીભના ટેરવા પર એક નાનો લીલા રંગ નો ડાઘ દેખાયો.

એ શું હોઈ શકે? કોઈ બીમારી? પહેલા તો માઁ ડરી ગઈ. પણ રહસ્ય જલ્દી ખુલી ગયું.

મેરી એ રડતા-રડતા કહ્યું કે એણે એની જીભ ના ટેરવા થી લીલી શાહી ને ચાખવાની કોશિશ કરી હતી!

માઁ એ જોર થી બરાડો પાડયો અને પછી એને એક ગ્લાસ દૂધ પીવડાવ્યું.

થોડી વાર પછી પિતા એ લીલી શાહી વિષે પૂછતાછ કરી. એણે પૂછ્યું કે મેરી એ એવી બેવકૂફી કેમ કરી હતી. મેરી એ જવાબ આપ્યો કે લીલી વસ્તુઓ વિષે એ પહેલે થી બહુ બધું જાણતી હતી. એણે લીલી શાહી ને 'પરીક્ષણ' માટે ચાખી હતી. ઘણી વસ્તુઓ નો રંગ લીલો હતો - કેરી, પાલક, વટાણા વગેરે. પણ બધી લીલી વસ્તુઓ નો સ્વાદ એક સરખો હોય છે કે નહીં એ એને ખબર નહોતી.

એના પિતા એ કહ્યું, "આહ! આહ! " પછી એણે માઁ તરફ ફરી ને કહ્યું, "લાગે છે આજે આપણી માનુસિયા એ એક નાનો વૈજ્ઞાનિક પ્રયોગ કર્યો છે!"

પ્રત્યેક સાંજે, ગાદલા માં સૂવા ના થોડા સમય પહેલા, બધા બાળકો માતા-પિતા ને બેઠક વાળા ખંડ માં આવી ને મળતા હતા.

ત્યારે તેઓ સચિત્ર ચોપડીઓ વાંચતા હતા અથવા તો શાંતિ થી કોઈ રમત રમતા હતા. પિતા પણ પુસ્તક વાંચતા હતા અથવા તો માઁ સાથે વાતચીત કરતા હતા.

માઁ પણ વાંચતી હતી અથવા પિયાનો વગાડતી હતી, પણ અવારનવાર એ બાળકો માટે જોડા બનાવતી હતી. મેરી ની માઁ માટે કોઈ કામ અયોગ્ય ન હતું, અને એ ચામડું કાપવા મોચી ની છરી અને સિલાઈ માટે સૂયા નો ઉપયોગ સારી રીતે જાણતી હતી.

જયારે માઁ હથોડી થી નાની-નાની સોનેરી ખીલી જોડા ના તળિયા માં ઠોકતી હતી તો બાળકો એ અવાજ ને સાંભળતા હતા. એ ઠોક-ઠોક ના અવાજો માં એક પ્યારો સંદેશો છુપાયો હતો.

એક સાંજે, લાંબી રજા ના આખરી દિવસે, પિતા એ બાળકો ને સચિત્ર ચોપડી વાંચવાની અને રમવાની મનાઈ કરી. એ સાંજે બાળકો ને સ્કૂલ ની ચોપડીઓ વાંચવાની હતી, ખાસ કરીને બ્રોન્યા ને જે ભણવામાં બહુ કમજોર હતી.

પિતા એ જૂના કાર્ડબોર્ડ બોક્સ માં થી વર્ણમાલા ના મોટા-મોટા અક્ષરો કાપ્યા હતા. પણ એ છતાં બ્રોન્યા કોઈ પ્રગતિ નહોતી કરી સકતી.

બ્રોન્યા એ એક ચોપડી ખોલી અને એને એના ગોઠણ પર રાખીને ગાલીચા પર બેસી ગઈ. એણે જોરથી વાંચવાનું શરુ કર્યું. એ વાંચતા-વાંચતા અટકી જતી હતી અને દરેક શબ્દ પર રોકાઈ-રોકાઈ ને એના અક્ષરો ને બતાવી રહી હતી.

પછી અચાનક બ્રોન્યા પાસે બેઠેલી મેરી એ અધીરતા થી એના હાથ માં થી ચોપડી ખેંચી લીધી અને એણે તરત આખું પાનું વાંચી નાંખ્યું. પછી એણે આગળ વાંચવા પાનું ફેરવ્યું!

એ સમયે મેરી ને કમરા માં પૂર્ણ શાંતિ નો અહેસાસ થયો. એને લાગ્યું કે બધા ની આંખો એને ઘૂરી રહી છે.

"હું શર્મિંદા છું, મને માફ કરો!" એણે બૂમ પાડી. "મેં આ જાણી જોઈને નથી કર્યું!" પછી અચાનક એ રડવા લાગી.

"મેં હંમેશા બ્રોન્યા ના વર્ણમાલા કાર્ડ બોક્સ માં ભરવા માં મદદ કરી હતી," એણે રડતા-રડતા કહ્યું, "અને ત્યારે મેં વાંચતા શીખી લીધું! બહુ સહેલું છે! મને માફ કરો!"

પિતા અને માઁ એ એને ખુશ કરવાની કોશિશ કરી. એમણે કહ્યું કે એણે કંઈ ખોટું નહોતું કર્યું, પણ માતા-પિતા બંને એ વાત થી સહમત હતા કે મેરી હજી ભણવા માટે બહુ નાની હતી. એ કેવળ ચાર વર્ષ ની હતી. વધારે ભણી ને એનું મગજ થાકી જાત.

તેઓ એક વિલક્ષણ બુદ્ધિ વાળું બાળક નહોતા ઇચ્છતા.



એ ક્ષણ થી માતા-પિતા એ મેરી ને વાંચતી રોકવા માટે એની ઉપર નજર રાખવી શરૂ કરી. એમણે ભાઈઓ અને બહેનો ને પણ તેમ કરવા કહ્યું. મેરી માટે ભણવા કરતા રમવું વધારે જરૂરી હતું.

ઘણીવાર આખા ઘર માં બૂમરાણ મચતી : "જુઓ મેરી વાંચી રહી છે!" પછી મેરી ના હાથ માં થી ચોપડી છીનવી લેવામાં આવતી હતી અને એને રમવા માટે બગીચા માં લાવવામાં આવતી હતી.

પણ એ ક્ષણ થી માતા-પિતા ને એક નાની છોકરી નો આજીજીપૂર્ણ અવાજ આવતો જે પૂછતો : "શું હવે હું વાંચી શકું છું? હવે હું વાંચું?"

અંત માં પિતા એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે મેરી માટે નાની ઉમર માં જ સ્કૂલ જવું સૌથી સારું થશે. એની બુદ્ધિ ને વ્યાયામ ની જરૂરત હતી.

એ સ્કૂલ માં સૌથી નાની હતી, પણ નિઃસંદેહ મેરી સૌથી હોશિયાર હતી.

એ દિવસો માં રશિયા એ મેરી ના દેશ પોલેન્ડ પર આક્રમણ કર્યું. રશિયા એ જીત હાસિલ કર્યા પછી પોલેન્ડ ની સ્કૂલો માં, રશિયા નો ઇતિહાસ અને રશિયા ની ભાષા શીખવાડવી ફરજીયાત કર્યા.

અવારનવાર એક બહુ નીચ નિરીક્ષક સ્કૂલ માં આવતો હતો. એનું આગમન ઘંટડી વગાડી ને કરવામાં આવતું હતું. નિરીક્ષક સ્કૂલ માં રશિયન ઇતિહાસ નું વાંચન સુનિશ્ચિત કરવા માટે આવતો હતો.



પણ શિક્ષક ગોપનીય રીતે બાળકો ને એના દેશ પોલેન્ડ ના દુર્ભાગ્યપૂર્ણ ઇતિહાસ વિષે પણ શીખવાડતા હતા. એથી બાળકો ગૂંચવાઈ જતા હતા. એ ઇતિહાસ ની મહત્વ ની તારીખો અને નામ ભૂલી જતા હતા!



પણ જયારે ઘંટડી નિરીક્ષક ના આગમન નો સંકેત કરતી, ત્યારે મેરી ત્રુટિ કે સંકોચ વગર પ્રસિદ્ધ રશિયન નામો અને મહત્વપૂર્ણ તારીખો દોહરાવીને સ્થિતિ ને બચાવી લેતી.

એનાથી સંતુષ્ટ થઈ ને નિરીક્ષક ચાલ્યો જતો. પણ પછી, નાની મેરી, સંવેદનશીલ અને ભાવુક થઈ ને, રડવા લગતી.

જેમ-જેમ સમય વીતતો ગયો, તેમ-તેમ મેરી ને દરેક નાની વસ્તુ માટે રડવું યોગ્ય ન લાગ્યું. પણ એનો વૈજ્ઞાનિક વિષયો શીખવાનો પ્રેમ ક્યારેય બદલાયો નહીં.

એક સપના ની જેમ, એના પિતા ના અદ્ભૂત ભૌતિકશાસ્ત્ર ના ઉપકરણ હંમેશા એના મન માં ઘૂમ્યા કરતા હતા.



પછી મેરી એ ભૌતિકશાસ્ત્ર નું અધ્યયન કર્યું અને એ એક મહાન વૈજ્ઞાનિક બની. એના પતિ પિએર કયુરી સાથે એણે એક નવું તત્વ શોધ્યું - રેડિયમ - જે લગાતાર કિરણો, ગરમી અને એક રહસ્યમય વાદળી રોશની ઉત્સર્જિત કરતુ હતું. એ વીસમી સદી ની મહાન વૈજ્ઞાનિક શોધો માં થી એક હતી.

સમાપ્ત